Process Safety **Beacon**

CCPS — An AIChE Technology Alliance — Center for Chemical Process Safety

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**

**Sponsored by CCPS Supporters**

# છલકાવું + તણખો = ટેન્કફાર્મમાં આગ (ભાગ - ૨)

**ઑક્ટોબર - ૨૦૦૯**

જ્વલનશીલ પ્રવાહી ભરેલી ખુબ મોટી સ્ટોરેજ ટાંકી છલકાઈ ગઈ. બે ઓપરેટરો તરત જ ટ્રક લઈને જગ્યા ઉપર સંભવીત ગળતરની જાણકારી મેળવવા પહોંચ્યા. થોડીક મીનીટોમાં ખુબ મોટો ધડાકો થયો અને પછી આગ લાગી. એમ માનવામાં આવે છે કે ટ્રકમાંથી જ તણખો ઉત્પન્ન થયો હતો. ટેન્ક ફાર્મમાં લાગેલી આગને બુઝાવવા ઈમરજન્સી રીસ્પોન્સના માણસોને દોઢ દિવસ લાગ્યો. એક ડઝનથી વધારે કામદારોને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા, અને મિલ્કતને ઘણું મોટું નુકશાન થયું.



*સપ્ટેમ્બર ૨૦૦૯ નું બેકન જુઓ. જેમાં દર્શાવેલ છે કે ટાંકીને છલકાઈ જતી શી રીતે રોકવી.*

## શું તમે જાણો છો ?

- આંતરિક દહનક્રીયા વાળા એન્જીન (પેટ્રોલ કે ડીઝલ) જ્વલનશીલ પ્રવાહીની વરાળને આગ માટેનો સ્ત્રોત આપી શકે છે. આંતરિક દહનક્રીયા વાળા એન્જીન જે સામાન્ય રીતે મોટર કારમાં અને ઘણા પોર્ટેબલ સાધનોમાં વપરાય છે જે પ્લાન્ટ ઓપરેશન, મેઈન્ટેનન્સ અને કંન્સ્ટ્રક્શનમાં વપરાય છે.
- એન્જીનની ગરમ સપાટી સામાન્ય રીતે વપરાતાં ઘણા જ્વલનશીલ વરાળના ઓટો ઈગ્નીશન પોઈન્ટથી વધારે હોય છે.
- એન્જીન દ્વારા લેવાતી હવામાં જ્યારે જ્વલનશીલ વરાળની હાજરી હોય તો, જ્વલનશીલ વરાળ વધારાનું બળતણ પુરૂ પાડે છે અને જેનાથી એન્જીન વધુ ઝડપથી ચાલે છે.
- જ્વલનશીલ વાતાવરણમાં રહેલી હવા અને બળતણને કારણે ડીઝલ એન્જીન ચાલુ રહી જતુ હોવાનુ નોંધાયેલુ છે. આનુ કારણ એ છે કે ડીઝલ એન્જીન દબાણીય ગરમીથી બળતણ ને બાળી ચાલુ થાય છે, જ્યારે પેટ્રોલ એન્જીનમાં સ્પાર્ક પ્લગ વપરાય છે.



**આ ટ્રકમાં શુ બાકી રહ્યું છે !**

## તમે શુ કરી શકો ?

- જ્યાં પણ જ્વલનશીલ વરાળનું વાદળ હોવાની શક્યતા રહેલી છે તેવા વિસ્તારમાં ક્યારેયપણ વાહન હંકારી ન જાઓ.
- યાદ રાખો કે જે સાધનો આંતરિક દહનક્રીયા વાળા એન્જીન દ્વારા ચાલતા હોય તે એક આગના સ્ત્રોત તરીકે પણ કામ કરી શકે છે. આવા સાધનોમાં સામેલ છે મોબાઈલ અને પોર્ટેબલ જનરેટરો, એર કોમ્પ્રેસરો, એન્જીન વડે ચાલતા પંપો અને ઘાસ કાપવાના મશીનો.
- ઘણાં પ્લાન્ટો જેમાં જ્વલનશીલ પદાર્થનો વપરાશ થતો હોય છે. ત્યાં અમુક વિસ્તારમાં મોટર વ્હીકલ અથવા બીજા એન્જીનોના વપરાશ માટે હોટ વર્ક પરમીટની લેવાની જરૂરી હોય છે. તમે તમારા પ્લાન્ટની પદ્ધતિઓ અને જરૂરિઆતોથી વાકેફ હોવા જોઈએ અને હંમેશાં એનુ પાલન કરવું જોઈએ.
- તમે જે એન્જીન ચલાવતા હોય એની ઝડપ અચાનક આપમેળે વધી જાય તો તેને તરત બંધ કરી દો. અને જગ્યાએથી તુરંત જ બહાર નીકળી જાઓ. તમે કદાચ જ્વલનશીલ વાતાવરણમાં હંકારી ગયા છો.
- કેટલાંક કારખાનાઓમાં બધાં જ એન્જીનમાં પોઝીટીવ એર શટઓફ ની પ્રણાલી ફીટ કરેલી હોય છે. જાણો કે તમારા પ્લાન્ટમાં તે જરૂરી છે કે નહીં. જો જરૂરી હોય તો આ સાધન કેવી રીતે કામ કરે છે, તેને ક્યારે અને કેવી રીતે વાપરી શકાય, તેને કેવી રીતે સાચવી શકાય, તે અંગેની સંપૂર્ણ તાલીમ મેળવો.

**વાહન ચલાવી ધડાકા માટે કારણભુત બનશો નહી !**

AIChE © 2009. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 646-495-1371.

**The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Greek, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Norwegian, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Tamil, Thai, Telugu, Turkish, Urdu, and Vietnamese.**